ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૨ એપ્રિલ, ૨૦૨૬

ભારતની ન્યુક્લિયર ડૉક્ટરીન

ઠોસ રણનીતિનાં ધીમાં અને મક્કમ પગલાંની અનિવાર્યતા

બહુશ્રુત

ચિરંતના ભટ્ટ

19

98માં જ્યારે ભારતે પોતાને પરમાણુ શસ્ત્ર સજ્જ દેશ જાહેર કર્યો, ત્યારે 'મિનિમમ ક્રેડિબલ ડિટરન્સ' (ન્યૂનતમ વિશ્વસનીય નિવારણ) એક તર્કબદ્ધ વિચાર હતો. ત્યારે ચીન પાસે અંદાજે 300થી ઓછા પરમાણુ વૉરહેડ્સ હતા. તેનું નૌકાદળ માત્ર દરિયાકાંઠા સુધી સીમિત હતું. હિંદ મહાસાગરમાં ચીનની હાજરી ક્યારેક જ જોવા મળતી. ભારતને ત્યારે સમાનતાની જરૂર નહોતી, માત્ર ટકી રહેવાની ક્ષમતાની જરૂર હતી. એટલે કે આપણને એટલી તાકાત જોઈતી હતી કે જો કોઈ પહેલો હુમલો કરે, તો ભારત વળતો એવો પ્રહાર કરી શકે જે દુશ્મનને અસ્વીકાર્ય હોય, તેને ગોઠે નહીં.

એક સમય સુધી આ તર્ક, આ વ્યૂહરચના કામે લાગી પણ હવે એ સંપૂર્ણપણે કામ નથી કરી રહી. આજે ચીન પાસે અંદાજે 500 પરમાણુ વૉરહેડ્સ હોવાનું મનાય છે અને 2035 સુધીમાં આ આંકડો 1000ને પાર કરી જવાની શક્યતા છે. ચીનનું દરિયાઈ સંરક્ષણ હવે પ્રાયોગિક ધોરણે નથી, તે સક્રિય અને સાબદું છે; તેની સબમરીનમાંથી છોડાતી બેલેસ્ટિક મિસાઈલો ભારતના મુખ્ય શહેરોને નિશાન બનાવવાની ક્ષમતા ધરાવે છે. પાકિસ્તાનનું ગ્વાદર, શ્રીલંકાનું હંબનટોટા અને જિબૂતીમાં લશ્કરી મથક; આ બધું જ ચીનના નૌકાદળના પદચિહ્નો છે. હિંદ મહાસાગરમાં ચીની જહાજો હવે ભાગ્યે નજરે ચઢતા અપવાદ નહીં, પણ નિયમિત હાજરી બની ગયા છે.

આવામાં આપણો ન્યુક્લિયર ડૉક્ટરીન જૂના સમયની ભાષા બોલે છે. ટૂંકમાં ડ્રાઈવરલેસ કારના જમાનામાં ગાડું બરાબર સાધન હતું એવી વાત કરીએ તો તેનો કંઈ અર્થ ન સરે. આ તફાત હવે વૈચારિક નથી રહ્યો, ભૌતિક બની ચૂક્યો છે. ભારતનું સૌથી મજબૂત સંરક્ષણ દરિયાના પેટાળમાં છે. 'અરિહંત' ક્લાસની સબમરીન એવી રીતે બનાવવામાં આવી છે કે ગમે તેવા ખરાબ સંજોગોમાં પણ વળતો પ્રહાર (Second Strike) કરવાની ગેરંટી આપે. આ એ વીમો છે જે ભારત પરના કોઈપણ પહેલા હુમલાને અતાર્કિક બનાવી દે છે. પરંતુ આ ગેરંટી એક એવી વસ્તુ પર ટકેલી છે જેના વિશે જાહેરમાં ભાગ્યે જ ચર્ચા થાય છે અને તે છે ઈંધણ. આ સબમરીન ચલાવવા માટે જરૂરી 'એનરિચ્ડ (સંવર્ધિત પોતાના હોય

યુરેનિયમ' (યુરેનિયમ) દેશના તંત્રમાંથી આવતું છે, જે આપણે ત્યાં હજી સુધી એ સ્તરે વિકસ્યું નથી કે જે આપણા સંરક્ષણ સિદ્ધાંતને ટેકો આપી શકે. ભારતની અત્યારની ક્ષમતા સતત સબમરીન ઈંધણના માત્ર એક સમાન છે. અરિહંત અને શાંતિથી આગળ ઈંધણના સ્રોતને મામલે કામ આગળ વધ્યું છે. ખરેખર આ ખાઈ ભરવા વિષય નથી. તે સિદ્ધાંતના વચન વિષય છે. આને 'વ્યૂહાત્મક સંયમ' ન અમુક તબક્કે, આવો વિલંબ વ્યૂહાત્મક જોખમ બની જાય છે. યુરેનિયમ સંવર્ધન માટેના નાગરિક કારણો પણ ઠોસ છે અને તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. ભારત તેની જરૂરિયાતનું 85 ટકા ક્રૂડ ઓઈલ આયાત કરે છે અને તેના માટે દર વર્ષે અંદાજે 200 અબજ ડૉલર ખર્ચે છે. દાયકાઓ જૂની નીતિઓ છતાં ભારતના કુલ વીજ ઉત્પાદનમાં પરમાણુ ઊર્જાનો હિસ્સો માત્ર 3 ટકા છે. ભારત પાસે દુનિયાનો સૌથી મોટો થોરિયમ ભંડાર છે (3 લાખ ટનથી વધુ), પરંતુ તે વ્યાપારી રીતે નિષ્ક્રિય છે કારણ કે 'બ્રીડર રિએક્ટર' ટેક્નોલૉજીને સક્રિય કરવા માટે જે સંવર્ધન માળખું જોઈએ, તે આપણે મોટા પાયે ક્યારેય ઊભું જ કર્યું નથી.

પરિવર્તન સંસારનો નિયમ છે, અને આપણો દેશ પણ સમય સાથે બદલાઈ રહ્યો છે, આ પરિવર્તન સારું કે ખરાબ એ વખત આવ્યે ખબર પડશે, પણ એક સમયે આપણા દેશનો જે પરમાણુ સિદ્ધાંત એટલે કે ન્યુક્લિયર ડૉક્ટરીન ઘડાયો હતો તે વર્તમાન સંજોગોમાં બંધબેસે તેવો નથી રહ્યો

ભારતે આ માર્ગના એવા તત્વો વિકસાવ્યા છે જે જાપાન અને જર્મની જેવા વિકસિત દેશોને પણ પરવડ્યા નહોતા. આ એક મોટી સિદ્ધિ છે. ટેકનોલૉજીનો અવરોધ મોટો છે, પણ અશક્ય નથી. પરંતુ આનું વિસ્તરણ (scaling) કરવું એ પાયાના સ્તરે એક અલગ જ પડકાર છે. નિયંત્રિત વાતાવરણમાંથી રાષ્ટ્રીય માળખાગત સુવિધાઓ સુધી પહોંચવામાં દાયકાઓ લાગશે. મોટાભાગના અંદાજો સૂચવે છે કે અનુકૂળ પરિસ્થિતિઓમાં, 2040 સુધીમાં ભારતના કુલ વીજ પુરવઠામાં પરમાણુ ઊર્જાનો હિસ્સો લગભગ દસ ટકા સુધી પહોંચી શકે છે. તે પરિવર્તન માટે સતત મૂડી, નિયમનકારી સાતત્ય અને અનેક રાજકીય ચક્રો સુધી શિસ્તબદ્ધ અમલીકરણની જરૂર છે. જેમાંથી એક પણ ભારતની સૌથી વિશ્વસનીય સંસ્થાકીય લાક્ષણિકતાઓ નથી.

અહીં બે દલીલો ભેગી થાય છે. 'ફ્યુઅલ સાયકલ ઑટોનોમી' સાંભળવામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોલિસી જેવું લાગે છે પણ તેનો સીધો સંબંધ વીજળી અને ઊર્જા સુરક્ષા સાથે છે. આ બાબત સરકારને તક આપે છે કે તે આ પ્રક્રિયાને માત્ર અવરોધ દૂર કરવાના પ્રયત્ન તરીકે નહીં પણ આત્મનિર્ભર ભારતના મિશન તરીકે રજૂ કરે. વાસ્તવમાં જે ક્ષમતા આપણને ઊર્જા ક્ષેત્રે સ્વાવલંબી બનાવે છે તે ક્ષમતા આપણા દરિયાઈ સંરક્ષણની ખોટ પણ પૂરે છે. આમ આ રોકાણ એક છે પણ પરિણામો બેવડાં છે. સ્થાનિક સ્તરે પહેલા પાસા પર ભાર મૂકાશે જ્યારે વૈશ્વિક વ્યૂહાત્મક જગત તેની સંરક્ષણ શક્તિને પારખશે. જોકે, ક્ષમતા હોવી અને તેને વાસ્તવિકતામાં બદલવી એ બંને અલગ બાબતો છે. ભારત પાસે સામર્થ્ય તો છે જ, હવે જરૂર છે માત્ર મક્કમ અમલીકરણની.

...અનુસંધાન પાના નં. 4...

બાય ધી વે

ભારત પાસે દુનિયામાં સૌથી વધુ થોરિયમ છે અને તેને વાપરવાની ટેક્નોલોજી પણ છે, જે વિકસિત દેશો પાસે પણ નથી. છતાં આપણી કુલ વીજળીમાં પરમાણુ ઊર્જાનો હિસ્સો માત્ર ૩ ટકા જ છે. આનો અર્થ એ છે કે આપણી પાસે આવડત તો છે, પણ તેનો ઉપયોગ કરવાનો મક્કમ નિર્ણય હજી લેવાયો નથી. ઘણીવાર અડચણ ટેક્નોલોજીની નહીં, પણ ઈચ્છાશક્તિની હોય છે. જે સંરક્ષણ શક્તિ સામેવાળાને ડરાવી ન શકે, તે સાચી શક્તિ નથી; એ માત્ર એક દેખાડો છે. આપણે યાદ રાખવું પડશે, જ્યારે સાચો દુશ્મન સામે હોય ત્યારે માત્ર દેખાવો કામ નથી આવતો, મજબૂત રણનીતિ જ કામ આવે છે.

વિશ્વયુદ્ધના ઉંબરેથી પાછા ફરતા ટ્રમ્પ!

ઈરાન સામેના યુદ્ધમાં વિજય કોનો થયો? ૧૯૭૧માં બંગલાદેશ યુદ્ધ વખતે તમે પાકિસ્તાનના લશ્કરની જે શરણાગતી જોઈ હતી અને ભારતના લશ્કરે પૂર્વ પાકિસ્તાનની જમીનનો કબજો લીધો હતો એ પ્રકારના વિજયનો યુગ સમાપ્ત થઈ ગયો. આજકાલ યુદ્ધ દૂરથી એરસ્ટ્રાઈક અને મિઝાઈલ્સ દ્વારા લડવામાં આવે છે, જમીન પર લશ્કર ઉતરતું નથી, આમનોસામનો થતો નથી એટલે વિજયનું સ્વરૂપ બદલાઈ ગયું છે. આજે પરાજિત એને કહેવાય જે યુદ્ધવિરામની માગણી કરે અને વિજેતા એને કહેવાય જેની શરતે યુદ્ધવિરામ થાય.

ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનની સભ્યતાનો કાયમ માટે નાશ કરવાના હતા એના એક કલાક પહેલાં તેમણે યુદ્ધવિરામની જાહેરાત કરી. શું કહ્યું તેમણે? "અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ થાય એ માટે પાકિસ્તાનના વડા પ્રધાને અને લશ્કરી વડાએ મધ્યસ્થી કરીને એક પ્રસ્તાવ આપ્યો છે. યુદ્ધવિરામ માટેનો ૧૦ મુદ્દાનો એક પ્રસ્તાવ ઈરાન તરફથી આવ્યો છે અને અમેરિકાને એમ લાગે છે કે એ વાતચીત માટે ઉપયોગી નીવડી શકે એમ છે. (A Workable Basis On Which To Negotiate)" તેમણે પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફનો અને લશ્કરી વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનીરનો આભાર માન્યો હતો. અહીં યાદ અપાવી દઉં કે આ પહેલાં ૨૪મી માર્ચે અમેરિકાએ સ્વયંઘોષિત વિજેતા તરીકે ૧૫ મુદ્દાનો શાંતિપ્રસ્તાવ ઈરાન સમક્ષ રાખ્યો હતો જેને ઈરાને ફગાવી દીધો હતો અને સામે પાંચ મુદ્દાની શરત રજૂ કરી હતી.

શું હતું અમેરિકાના ૧૫ મુદ્દાના પ્રસ્તાવમાં અને શું છે ઈરાનના ૧૦ મુદ્દાના પ્રસ્તાવમાં? અમેરિકાએ શરતો રાખી હતી કે ઈરાન હોર્મુઝની ખાડી ખોલી નાખે. ઈરાન અણુ કાર્યક્રમ સંકેલી લે. ઈરાન લેખિત બાંયધરી આપે કે એ ક્યારેય અણુકાર્યક્રમ હાથ નહીં ધરે. અત્યાર સુધીમાં ઈરાને એનરીચ્ડ કરેલું ૪૫૦ કિલોગ્રામ યુરેનિયમ ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સીને આપી દે. ઈરાન અખાતી દેશોમાંનું તેનું પ્રોક્સી નેટવર્ક સમાપ્ત કરે. ઈરાન બેલીસ્ટીક મિઝાઈલ્સની રેંજની ક્ષમતા ઘટાડી નાખે એટલું જ નહીં તેની સંખ્યા પણ ઘટાડે. ઈરાનની તરફેણમાં એટલું કહેવામાં આવ્યું હતું કે અમેરિકા દરેક પ્રકારના સીધા અને આડકતરા પ્રતિબંધો ઉઠાવી લેશે અને ઈરાનને બેઠું કરવામાં મદદ કરશે. આ મુખ્ય શરતો હતી અને તેમાં કેટલીક પેટા શરતો હતી. માત્ર એક કલાકની અવધિમાં ઈરાને અમેરિકાનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો અને સામે પોતાનો પ્રસ્તાવ રાખ્યો જેમાં માગણી કરવામાં આવી હતી કે અમેરિકા આંતરરાષ્ટ્રીય સ્વરૂપની બાંયધરી આપે કે તે હવે પછી ક્યારેય ઈરાન પર હુમલો નહીં કરે.

...અનુસંધાન પાના નં. 4

નો નોનસેન્સ

રમેશ ઓઝા

દરમ્યાન આ યુદ્ધે આટલી વાત સ્પષ્ટ કરી દીધી છે

૧. ઈરાન અને ઈરાની પ્રજા બહાદૂર છે. આવી બહાદૂરી આજ સુધી ક્યાંય જોવા મળી નથી.
૨. અમેરિકાનાં વળતાં પાણી છે. સૂર્ય ઘાર્યા કરતાં વધુ ઝડપે પશ્ચિમ તરફ ઢળી રહ્યો છે.
૩. ઇઝરાયેલે જગતમાં પ્રતિષ્ઠા ગુમાવી દીધી છે એમ હવે ઇઝરાયેલી પ્રજાને લાગવા માંડ્યું છે. યહૂદીઓના માદરે વતનનો પ્રોજેક્ટ નેતાન્યાહૂની આક્રમકતાને કારણે નિષ્ફળ નીવડ્યો છે.
૪. અમેરિકાને જે અનુભવ થયો એ પછી અમેરિકા-ઇઝરાયેલ વચ્ચેનાં સંબંધો પર પણ તેની અસર થવાની છે. યુરોપના દેશોમાં તો ઇઝરાયેલની ટીકા થઈ જ રહી છે.
૫. પશ્ચિમ એશિયામાં નવાં રાજકીય સમીકરણો રચાશે.
૬. જાગતિક રાજકારણમાં પાકિસ્તાનને નવી પ્રતિષ્ઠા મળી છે. આ એ દેશ છે જે હજુ ગઈ કાલ સુધી ત્રાસવાદને પોષણ આપનાર બેજવાબદાર દેશ તરીકે ઓળખાતો હતો.
૭. ચીનનો સૂર્ય મધ્યાહ્નને લગભગ પહોંચી ગયો છે.

ટ્રમ્પે ઈરાનને ડરાવવા માટે પોતાના સૈનિકો અખાતી દેશોમાં ઉતાર્યા અને ઈરાનમાં જમીની લડાઈ કરવાની ધમકી આપી. ઈરાને તેનું પણ સ્વાગત કર્યું. ઈરાને કહ્યું; "જીવતા સૈનિકોને મોકલો અને શબ પાછા લઈ જાઓ." અમેરિકા તેના ઇતિહાસમાં બહુ ભયંકર રીતે એકલું પડી ગયું

સિલી પોઇંટ